# યોહાનાલ જાઅલા પ્રકટીકરણ
## પ્રસ્તાવના

“ઈસુ ખ્રિસ્તા પ્રકટીકરણ 1:1” પ્રેષિત યોહાનાથી હાત મંડળીહેન લોખલાં ગીઅલા આતાં, પ્રકટીકરણા શુરવાત યે મંડળ્યેહે પોતે ખ્રિસ્તા પત્રથી ઓઅહે, જ્યા પત્રાહામાય પ્રશંસા આલોચન એને આરામ સામીલ હેય, મંડળ્યેહેલ મોઠા સંકટામાય દર્શાવલા ગીયહા, બાકી ઈસુવા છેલ્લા વિજયા આસ્વાસન “રાજહા એને રાજહા પોરમેહેરા” હારકા દેવામાય ગીયહા (પ્રકટી 19:16) એને યામાય માનવતા વિદ્રોહાલ પુરાં કોઅના એને “યોક નોવા હોરગામાય પ્રવેશ કોઅના એને નોવ્યે દોરત્યે બારામાય (પ્રકટી 21:1) જા પોરમેહેર પોતે કાયામ એને કાયામ (પ્રકટી 11:15) રાજ કોઅરી” પ્રકટીકરણ લગભગ 95-96 ઇસવી સન માય લોખલાં ગીઅલાં આતાં.

### પ્રસ્તાવના

1 યે ચોપડયેમાય ઈસુ ખ્રિસ્તાલ પોરમેહેરાય જીં દેખાડયાં ચ્યે
વાતહેબારામાય લોખલાં હેય, ચ્યાલ પોરમેહેરે યાહાટી દેખાડયાં કા તો
પોતાના સેવાકાહાન ચ્યે ઘટનાહા બારામાય આખી હોકે જ્યો જલદીજ
ઓઅનાર્યો હેય, એને ઈસુય ચ્યા હોરગા દૂતાલ દોવાડીન પોતાના સેવાક
યોહાનાલ એટલે માન યો વાતો દેખાડયો.
2 યાહાટી, માયે તી બોદા કાય લોખ્યાં જી માયે એઅયા, એને માયે
યા લેખ માય, પોરમેહેરા વચન એને ચ્યા હાચ્ચાં શિક્ષણા બારામાય જીં
ઈસુ ખ્રિસ્તાય માન દેખાડલા આતાં, તી બોદા લોખલાં હેય.
3 પોરમેહેર ચ્યા બોદા માઅહાન બોરકાત દેઅરી, જ્યો યે
ભવિષ્યવાણીહેલ બિજા લોકહાન વાચીન વોનાડેહે, એને પોરમેહેર
ચ્યા માઅહાન બી બોરકાત દેઅરી જયેં યે ભવિષ્યવાણીહેલ વોનાયને
માનતેહેં, કાહાકા યો ભવિષ્યવાણ્યો જલદીજ પુર્યો ઓઅરી.

### હાત મંડળ્યેહેન યોહાના સંદેશ

4 આંય, યોહાન, ઈ પત્ર હાત મંડળ્યેહેલ લોખી રિઅલો હેય, જ્યો
આસિયા વિસ્તારમાય હેય.

આંય પ્રાર્થના કોઅતાહાંવ કા પોરમેહેર જો હેય, એને જો કાયામ
આતો, એને જો યેનારો હેય, એને ચ્યા હાત આત્માહા પાઅને, જો
પોરમેહેર રાજગાદી હામ્મે હેય, તુમહાન સદા મોયા એને શાંતી મીળે.
5 એને ઈસુ ખ્રિસ્તાપાઅને તુમહાન સદા મોયા એને શાંતી મીળે,
જયા વચનાવોય બોરહો કોઅલો જાહે, ઓ તોજ ઈસુ હેય જો
મોઅલાહામાઅને પાછો જીવતો ઓઅય ગીયો એને યે દોરતી બોદા
રાજહા શાસક હેય.
તોજ ઈસુ આપહેવોય પ્રેમ કોઅહે, તો આપહેહાટી મોઅઇ ગીયો
એને ચ્યાય આપહે પાપહા ડૉડ રદ્દ કોઅય દેનલો હેય.
6 એને ઈસુય આપહાન યોક રાજ્ય એને પોરમેહેર આબા સેવા
કોઅરાહાટી યાજક બોનાવલે હેય, જયેં ચ્યા પોરમેહેર આબા સેવા
કોઅતેહે, યાહાટી ઈસુ ખ્રિસ્તાલ મહિમા એને સામર્થ્ય સાદામાટે મિળતા
રોય. આમેન.
7 વોનાયા, તો વાદળાહાવોય બોહીન યેનારો હેય, બોદાજ લોક ચ્યાલ
એઅરી, બાકી જયાહાય ચ્યાલ ભાલેકોય ડોચી દેનેલ ચ્યા હોગા એઅરી,
એને ચ્યાલ દેખીન દોરત્યેવોયને બોદા જાતી લોક જોર-જોરખે રોડી. હાં,
એહેકેનુજ ઓઅરી. આમેન.
8 પ્રભુ પોરમેહેર આખહે, "આંય અલ્ફા એને ઓમેગા હેતાંવ, એટલે,
પેલ્લો એને છેલ્લો હેતાંવ, આંય તોજ હેતાંવ, જો સાદામાટે આતો, એને
જો આમીબી યેનારો હેય, આંયજ સર્વશક્તિમાન હેતાંવ."

## યોહાનાલ ઈસુ ખ્રિસ્તા દર્શન

9 આંય યોહાન તુમહે બાહા, આંય ખ્રિસ્તાહાટી દુઃખ સહન
કોઅનામાય એને પોરમેહેરા રાજ્યમાય એને ધીરજને હાતે ચ્યા દુઃખહાન
સહન કોઅનામાય તુમહે હાંગાત્યો હેતાંવ, માન પતમુસ બેટમાય કૈદી
બોનાડીન દોવાડી દેનલો ગીયેલ, કાહાકા માયે પોરમેહેરા વચના પ્રચાર
કોઅયેલ એને ઈસુ ખ્રિસ્તા બારામાય સંદેશ લોકહાન આખ્યેલ.
10 માન રવિવારા દિહે, જો પ્રભુ દિહી હેય પવિત્ર આત્માય
કોબજામાય લેય લેદો, એને આંય મા પાહાલારે કાદાલતેરુ બોલતા
વોનાયો જો તુતારી વાજે ઓહડો મોઠો આવાજામાય સાફ રીતે બોલી
રિઅલો આતો.

11 એ આખ્યાં, “તુલ જે દેખાય, તીં ચોપડયેમાય લોખીન
એફેસુસ, સ્મુરના, પિરગમુન, થુવાતીરા, સારદીસ, ફિલાદેલફિયા, એને
લાવદિકિયા, યા સાત શેહેરા મંડળ્યેહેપાય દોવાડી દે.”

12 આંય ઈ એઅરાહાટી પાહલા ફિર્યો કા મા આરે કું વાત કોઅઇ
રિઅલો હેય, જોવે આંય ફિર્યો, તોવે માયે હોના હાત દિવા દેખ્યા.
13 આ દિવહા વોચમાય યોક માઅહા પોહા હારકો માટડો દેખ્યો, તો
પાગહા પાટલ્યે લોગુ લાંબો ડોગલો પોવલો આતો, એને છાતી ઉપે હોના
પોટો બાંદલો આતો.
14 આ ટોલપ્યે કીહીં ઉજળા ઉન એને બોરાફે હારકા આતા, એને
આ ડોળા આગડા જાળે હારકા ચોમકી રીઅલા આતા.
15 આ પાગ પિતળા હારકા ચોમકી રીઅલા આતા, એને આ
આવાજ કોલહ્યોક નોયો યોકહાતે બોજ જોરખે વોવત્યોહો એહે
આવાજા હારકો આતો.
16 તો આ જમણા આથામાય હાત ચાંદાલાહાન દોઅઇ રોઅલો
આતો, આ મુયામાઅને યોક બેન દાઅયેવાળી ચીંદળી તારવાય નિંગી
રોઅલી આતી, ભોર બોપરેહે દિહા હારકા આ મુંય ચોમકી રીઅલા
આતા.
17 જોવે માયે આલ દેખ્યો, તે આંય તારાત આ પાગહાપાય મોઅલા
માઅહા હારકો પોડી ગીયો, બાકી તારાત એ આ જમણો આથ માન
લાવીન આખ્યાં, “બીયહે મા, આંય પેલ્લો એને છેલ્લો હેતાંવ, આંય
તોજ હેતાંવ જો સાદામાટે જીવતો હેતાંવ.”
18 આંય યોકદા મોઅઇ ગીઅલો આતો, બાકી આમી જીવતો હેતાંવ,
એને આંય સાદામાટે જીવતો રોહીં, માયેપાંય મોરણા એને અધોલોક
(જો મોઅલા લોકહા જાગો હેય) વોય ઓદિકાર હેય.
19 જી તુયે દેખ્યાહા, તી બોદા લોખી લે એને યે બેની વાતહેબારામાય
બી લોખી લે, જયો આમી ઓઅય રિઅલ્યો હેય, એને જયો પાછે
ઓઅનાર્યો હેય.
20 આમી આંય આખહી કા મા જમણા આથામાઅને હાત
ચાંદાલાહા મતલબ કાય હેય, એને હોના હાત દિવહા મતલબ કાય
હેય: હાત ચાંદાલેં આ હોરગા દૂતહાન દર્શાવતેહે, જયા હાત મંડળ્યેહે
રાખવાળી કોઅતાહા, એને હાત દિવા હાત મંડળ્યો હેય.

# 2

## એફેસુસ શેહેરા મંડળીલ સંદેશ

1 ઘ્યાય માન એહેકેન આખ્યાં, એફેસુસ શેહેરા મંડળી દૂતાલ ઓ
સંદેશ લોખ.
આંય તોજ હેતાંવ જો જમણા આથામાય હાત ચાંદાલાહાન દોઓય
રિયહો, એને આંય તોજ હેતાંવ, જો હોના હાત દિવહા વોચમાય
ફિરતાહાવ, આંય તુમહાન એહેકોય આખતાહાવ.
2 આંય જાંઅતાહાંવ કા તું કાય કોઅતોહો, તું કેહેકેન મેહનાત
કોઅતોહો, એને કોયદિહી હાર નાંય માને, આંય ઈ બી જાંઅતાહાંવ
કા તું દુષ્ટ માઅહાન સ્વીકાર નાંય કોએ, તુયે ઓહડા લોકહાન પારખી
લેદલા હેય, જયા જુઠા ડોંગ કોઅતાહા કા ઘ્યા પ્રેષિત હેય, એને તુયે
જાંઅયા કા ઘ્યા જુઠા બોલતાહા.
3 તું ધીરજ દોઅતોહો, એને તુયે મા નાંવા લીદે દુઃખ સહન કોઅલા
હેય, એને તુયે માયેવોય બોરહો કોઅના નાંય છોડયા.
4 બાકી માન તો વિરુદમાય ઈ આખના હેય, કા જેહેકેન તું પેલ્લા-
પેલ્લા બોરહો કોઅલો આતો એને મા આરે પ્રેમ કોઅતો આતો, તેહેકેન
પ્રેમ આમી તું મા આરે નાંય કોએ.
5 યાહાટી વિચાર કોઓ, કા તું પેલ્લા માન કેહેકેન પ્રેમ કોઅતો આતો
એને આમી તું માન તેહેકેન પ્રેમ નાંય કોએ, યે વાતેકોય પોસ્તાવો કોઓ
એને માન તેહેકેનુજ પ્રેમ કોઓ જેહેકેન તું પેલ્લા કોઅતો આતો. જો તું
પોસ્તાવો નાંય કોઅહે તે આંય તુયેપાય યેયન જાં તો દિવો થોવલો હેય,
ઘ્યાલ તાઅને ઓટાડી દિહી.
6 બાકી તોમાય ઓલા કામ હારાં હેય કા તુલ નિકોલાસીયાહા* કામ
નાંય ગોમે, ઠીક જેહેકેન તીં માન બી નાંય ગોમે.
7 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, કા પવિત્ર આત્મા
મંડળ્યેહેન કાય આખહે, "જયા લોક જીત મેળાવતાહા, ઘ્યાહાન આંય

* **2:6** નીકુલીયાહા યોક ધાર્મિક ટોળો આતો જ્યા હિકાડતા આતા કા વિસ્વાસી અનૈતિક રૂપથી જીવન વિતાવી હોકતેહેં એને મુર્તિપુજા કોઅય હોકતેહેં.

જીવન દેનારા જાડા ફળ ખાંહાટી પરવાનગી દિહી, જો પોરમેહેરા હોરગા
વાડયેમાય હેય."

## સ્મુરના શેહેરામાઅને મંડળીલ સંદેશ

8 સ્મુરના શેહેરા મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.
આંય પેલ્લો એને છેલ્લો હેતાંવ, આંય ચોકદા મોઅઇ ગીઅલો, બાકી
આમી જીવતો હેતાંવ, એને સાદામાટે જીવતો રોહીં, આંય તુમહાન ઈ
આખતાહાવ.
9 આંય જાંઅતાહાંવ કા તો સતાવ ઓઅહે, એને તું ગોરીબ હેય,
બાકી તું આત્મિક રીતે માલદાર હેય, એને માન ચ્યા લોકહા બારામાય
ખોબાર હેય કા જ્યા એહેકેન હોમાજતાહા કા ચ્યા પોરમેહેરા નિવાડલા
લોક હેતા, બાકી હેય નાંય, એને ચ્યા સૈતાના ટોળા હેતા, એને આંય
જાંઅતાહાંવ કા યહૂદી તો બારામાય નિંદા કોઅતાહા.
10 તુલ જો દુઃખ યેનારાં હેય ચ્યા લેદે તું ગાબરાય મા જાહે, સૈતાન
તુમહામાઅને કોલાહાક જાંઅહાન જેલેમાય કોંડાડી દી, જેથી તુમહે
પરીક્ષા કોઅય હોકે, દોહો દિહી લોગુ તુમહાન બોજ આબદા પોડી.
બાકી માયેવોય બોરહો કોઅના કોયદિહી નાંય છોડના, ભલે તુમહાન
મોઅરા બી પોડે, કાહાકા આંય તુમહાન તુમહે જીત નો પ્રતિફળા
રુપામાય અનંતજીવન દિહી.
11 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, પવિત્ર આત્મા
મંડળ્યેહેન કાય આખહે, "જ્યા લોક જીત મેળાવતાહા, ચ્યાલ બિજા
મોતાકોય કાયજ નુકસાન નાંય ઓઅરી, જોવે પોરમેહેર છેલ્લો ન્યાય
કોઅરી."

## પિરગમુન શેહેરા મંડળીલ સંદેશ

12 "પિરગમુન શેહેરા મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.
આંય તોજ હેતાંવ, જ્યાપાંય ચીંદળી બેન-દાઅયેવાળી તારવાય હેય,
આંય તુમહાન એહેકોય આખતાહાવ.
13 આંય જાંઅતાહાંવ કા તું ચ્યા શેહેરામાય રોતહો જાં સૈતાન રાજ્ય
કોઅહે, તું માયેવોય બોરહો કોઅતોહો, તુમહે શેહેરામાય જાં સૈતાન
રાજ્ય કોઅહે, તાં મા વિસ્વાસી માઅહું અન્તિપાસાલ માઆઇ ટાક્યેલ,
તેરુંબી તુયે માયેવોય બોરહો કોઅના નાંય છોડયો.

14 બાકી માન તો વિરુદમાય કાય વાતો આખના હેય, કાહાકા તું
ચ્યા લોકહા વિરોદ નાંય કોએ જ્યા મંડળીમાય જુઠી શિક્ષા દેતહા,
જેહેકેન બોજ પેલ્લા ભવિષ્યવક્તા બાલામાય દેનલી આતી, બાલામાય
બાલાક રાજાલ હિકાડયાં કા ઈસ્રાયેલ લોકહાન પાપ કોઅનાહાટી
ઉસરાવાહાટી કાય કોઅરા જોજે. ચ્યાય ચ્યાહાન મુર્તિહીન બલિ
ચોડાવલા ખાઅના-ખાઅના એને વ્યબિચાર કોઅના હિકાડયાં.
15 તેહેંજ કોઇન, તુમહે વોચમાય કોલહાક લોક હેય જ્યા
નિકોલાઈયાહા ટોળા શિક્ષા અનુસરણ કોઅતાહા.
16 યાહાટી આમી તું પોસ્તાવો કોઓ, જો તું પાપ કોઅના બંદ નાંય
કોઅહે તે આંય જલદીજ તોપાય યીહીં, એને જ્યા જુઠા શિક્ષણ દેતહા
ચ્યાહા વિરુદ ચ્યે તલવારીકોય લોડહી જીં મા મુયામાયને નિંગહે, જીં મા
વચન હેય.
17 જો વોનાયા હાટી તિયાર હેય તો વોનાય લેય કા પવિત્ર આત્મા
મંડળીલ કાય આખહે: જ્યા લોક જીત મેળાવતાહા, આંય ચ્યાહાન
ચ્યા મન્નામાઅને દિહી, જીં ગુપ્ત હેય, આંય ચ્યામાઅને બોદહાન યોક
ઉજળો દોગાડ દિહી, જ્યાવોય યોક નોવા નાંવ લોખલાં રોય. જીં માઅહું
ચ્યાલ મિળવી ચ્યાલ છોડીન કાદાબી ચ્યા નાવાલ નાંય જાંઆય હોકી."

## થુવાતીરા શેહેરા મંડળીલ સંદેશ

18 "થુવાતીરા શેહેરામાયને મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.

પોરમેહેરા પોહાપાઅને ઓ સંદેશ હેય, એને ચ્યા ડોળા આગડા જાળે
હારકા ચોમકી રીઅલા હેય ચ્યા પાગ પિતળા હારકા જેહેકેન તાતા
આગડામાય ચોમકેહે, તેહેકેન ચોમકેહે, તો એહેકેન આખહે.
19 આંય તો બોદા કામ, એને તો યોકબીજાવોય પ્રેમ કોઅના, એને
માયેવોય મજબુત બોરહો કોઅના, એને તો યોકબીજા કોઅલી સેવા,
એને તો સહન કોઅના શક્તિલ બી જાંઅતાહાંવ. એને ઈ બી જોવે
તુયે પેલ્લાદા માયેવોય બોરહો કોઅયેલ એને જ્યેં ભલે કામે તું કોઅતો
આતો, ચ્યાહા કોઅતા વોદારી આમી તું ભલે કામે કોઅતોહો.
20 બાકી માન તો વિરુદમાય ઈ આખના હેય, તુમા તી થેએ ઈજબેલેલ
જુઠા શિક્ષણ ફેલાવાં દેતહા, તી પોતાલ યોક ભવિષ્યવક્તીન આખાડેહે,

બાકી મા વિસ્વાસી લોકહાન જુઠા શિક્ષણ હિકાડેહે, તી ચ્યાહાન
વ્યભિચાર કોઅના એને મુર્તિહીન બલિ ચોડાવલા ખાઅના ખાં હિકાડેહે.
21 માયે ચ્યેલ ચ્યે પાપહા પોસ્તાવો કોઅરાહાટી મોકો દેનલો હેય,
બાકી તી વ્યભિચાર કોઅના નાંય છોડે.
22 યાહાટી આમી ચ્યેલ આંય બિમાર કોઅય દિહી, એને જયેં ચ્યે
આરે વ્યભિચાર કોઅતેહે, જો ચ્યે બી ચ્યે હારકે પાપ કોઅના બંદ નાંય
કોઅરી તે આંય ચ્યાહાન મોઠી પીડામાય ટાકી દિહી.
23 એને આંય ચ્યા લોકહાન માઆઇ ટાકી દિહી, જયેં ચ્યે શિક્ષણા
અનુસરણ કોઅતેહે, એને બોદી મંડળ્યેહેન ખોબાર પોડી જાય
કા આંયજ હેતાંવ જો બોદા માઅહા વિચાર એને ઉદેશ્ય પારખ
કોઅતાહાંવ, આંય તુમહામાઅને દરેકા તુમહેકોય કોઅલા ગીઅલા
કામહાનુસાર ડૉડ દિહી.
24 બાકી થુવાતીરા શેહેરા મંડળી માઅને બાકી લોકહાય ચ્યે જુઠા
શિક્ષણા અનુસરણ નાંય કોઅના, એને તુમહાય ચ્યામાય ભાગ નાંય લેદો
જયાલ ચ્યા લોક સૈતાના બોજ મહત્વા વાત આખતાહા, આંય તુમહાન
આખતાહાવ કા આંય તુમહાવોય બીજી કોય આગના નાંય થોવુ.
25 બાકી જાવ લોગુ આંય નાંય યાંવ તાંવ લોગુ માયેવોય મજબુત
બોરહો કોઅના સુરુ રાખજા.
26 જયા લોક જીત મેળાવતાહા, એને જયા છેલ્લે સમય લોગુ મા
આગના પાલન કોઅતાહા, આંય ચ્યાહાન દેશહાવોય રાજ્ય કોઅના
ઓદિકાર દિહી.
27 આંય ચ્યાહાન રાજ્ય કોઅરાહાટી તો ઓદિકાર દિહી જેહેકેન
મા આબહાય માન દેનલો હેય, ચ્યાહા રાજ્ય લોખીંડા હારકા મજબુત
ઓઅરી જી ટૂટે નાંય, એને ચ્યાહા દુશ્માન ફૂટી ગીઅલા કાદવા
વાહણાહા હારકા રોય.
28 એને આંય ચ્યાલ જીત દેખાડાહાટી ઉજાળાહા વોઅને ચાંદાલો
દિહી.
29 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, કા પવિત્ર આત્મા
મંડળ્યેહેલ કાય આખહે.”

# 3

## સારદીસ શેહેરા મંડળીલ સંદેશ

1 “સારદીસ શેહેરા મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.

આંય તોજ હેતાંવ જો હાત ચાંદાલાહાન આથામાય લી રિઅલો હેય, એને પોરમેહેરા હાત આત્માહાન લી રિઅલો હેય, આંય તુમહાન આખતાહાવ. આંય જાંઅતાહાંવ કા તું કાય કામ કોઅતોહો, તું માયેવોય બોરહો કોઅતોહો એહેકેન તે દેખાડતોહો, બાકી આસલીમાય તું મા અનુસરણ નાંય કોએ.
2 યાહાટી, જાગી જો, એને માયેવોય તો બોરહો મજબુત કોઓ, જાવ લોગુ તોમાય વાયજ બોરહો બચલો હેય, જેથી ઓ પુરીરીતે પારવાય નાંય જાય. આંય તું કાય કોઅતોહો તી જાંઅતાહાંવ કા તોમાય બોજ કમીપણા હેય, કાહાકા તું જી કોઅય રિયહો પોરમેહેર ચ્યાકોય ખુશ નાંય હેય.
3 તું ચ્યા શિક્ષણાલ યાદ કોઓ જી તુલ બોજ પેલ્લા હિકાડલા આતાં, એને જ્યાવોય તુયે બોરહો કોઅલો આતો, જી તુલ હિકાડલા આતા ચ્યા અનુસરણ કોઓ, એને તો ગલત કામહા પોસ્તાવો કોઓ, જો તું પોસ્તાવો નાંય કોઅહે તે આંય કાદાલ ખોબાર નાંય હેય ઓહડે સમયે યીહીં, જેહેકેન રાતી બાંડ અચાનક યેહે, તેહેકેન આંય તુલ ડૉડ દાંહાટી યીહીં.
4 બાકી સારદીસ શેહેરામાય કોલહાક વોછા લોક હેય, જ્યાહા જીવન પાપાકોય અશુદ્ધ નાંય ઓઅલા હેય, ચ્યે ઉજળેં ડોગલેં પોવીન મા આરે ફિરી, કાહાકા ચ્યે લાયકે હેતેં.
5 જ્યા લોક જીત મેળાવતાહા, ચ્યાબી ચ્યાહા હારકે ઉજળેં ફાડકે પોવી, એને આંય ચ્યા માઅહા નાંવ ચ્યે જીવના ચોપડીમાઅને નાંય મિટાડીહી, બાકી મા આબહાલ એને ચ્યા હોરગા દૂતહાલ આખહી કા યા મા આગના પાલન કોઅનારા લોક હેતા.
6 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, પવિત્ર આત્મા મંડળ્યેહેન કાય આખહે.”

## ફિલાદેલફિયા શેહેરા મંડળીલ સંદેશ

7 “ફિલાદેલફિયા શેહેરા મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.

આંય તોજ હેય, જો પવિત્ર એને હાચ્ચાં હેતાંવ, માયેપાંય ચ્યો કુચ્ચો
હેય જ્યો દાઉદ રાજા હેય, જોવે આંય ચ્યે કુચ્ચેકોય યોક બાઅણા
ઉગાડતાહાવ તે કાદાબી ચ્યાલ બંદ નાંય કોઅય હોકે, એને જોવે આંય
ચ્યે કુચ્ચેકોય યોક બાઅણા બંદ કોઅતાહાંવ તે ચ્યાલ કાદાબી ઉગાડી
નાંય હોકે. આંય એહેકેન આખતાહાવ,
8 તું કાય કામ કોઅતોહો તી માન ખોબાર હેય, તું વોદી શક્તિવાળો
નાંય હેય, બાકી જીં માયે તુલ આદેશ દેનહો ચ્યા તુયે પાલન કોઅલા હેય,
એને તુયે માયેવોય બોરહો કોઅના બંદ નાંય કોઅલા હેય. યાહાટી, માયે
તોહાટી યોક બાઅણા ઉગડાવલા હેય, જ્યાલ કાદાબી બંદ નાંય કોઅય
હોકે.
9 વોનાય, જ્યા સૈતાના ટોળા હેય, ચ્યા એહેકેન હોમાજતાહા કા ચ્યા
પોરમેહેરા નિવાડલા લોક હેતા, બાકી હેય નાંય, એને જુઠા બોલતાહા,
આંય એહેકેન કોઅહી કા યહૂદી યેયન તો હામ્મે પાગે પોડી, એને ઈ
જાંઆય લી કા, આંય તુમહાવોય પ્રેમ કોઅતાહાંવ.
10 તુયે મા સંદેશા પાલન કોઅલા હેય જેથી જોવે તું દુઃખ ઉઠાવે
તે ઈમાત રાખીન સહન કોઅય હોકે. યા લીદે, આંય મોઠી પરીક્ષા
સમયામાય તો હાંબાળ કોઅહી, એને યે પરીક્ષા સમયે યા દુનિયા બોદા
લોકહાવોય યેઅરી.
11 આંય જલદીજ પાછો યેનારો હેતાંવ, યાહાટી, તો માયેવોય જો
બોરહો હેય ચ્યાલ મજબુત કોઓ, જેથી કાદાબી તો મુગુટ પેચકી નાંય
લેય.
12 જીં માઅહું સૈતાના શક્તિવોય જીત મિળવે, જેહેકેન યોક થાંબલો
ગોઆલ મજબુત બોનાડેહે, તેહેકેન ચ્યે બી સાદાહાટી પોરમેહેરા
દેવાળામાય રોય. આંય ચ્યાવોય પોરમેહેરા નાંવ લોખહી, એને
પોરમેહેરા શેહેરા નાંવ લોખહી, ઈ તીંજ હેય જ્યાલ નોવા યેરુસાલેમ
આખલા જાહે, ઈ તીંજ શેહેર હેય જીં હોરગામાય હેય, એટલે પોરમેહેરા
પાયને નિચે યેઅરી, આંય ચ્યાહા શરીરાવોય મા નોવા નાંવ લોખહી.
13 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, પવિત્ર આત્મા
મંડળીલ કાય આખહે.”

## લાવદિકિયા શેહેરા મંડળીલ સંદેશ

14 “લાવદિકિયા શેહેરા મંડળી દૂતાલ ઓ સંદેશ લોખ.
આંય આમેન આખતાહાવ, કાહાકા આંય બોરહાલાયક હેતાંવ, એને
આંય જીં પોરમેહેરાબારામાય સાબિત કોઅતાહાંવ તી હાચ્ચાં હેય. એને
જ્યેકોય પોરમેહેરાય બોદી વસ્તુહુ રચના કોઅલી હેય, આંય એહેકેન
આખતાહાવ,
15 તું કાય કામ કોઅતોહો તી માન ખોબાર હેય, નાંય તું માયેવોય
બોરહો કોઅરાહાટી મોનાઈ કોઅય રિઅલો હેય, એને નાંય તું માયેવોય
પુરેરીતે પ્રેમ કોઅય રિઅલો હેય. મા ઇચ્છા હેય કા યોકતે તું મા મોનાઈ
કોઅય દે, નાંય તે માયેવોય પુરા મોનાકોય પ્રેમ કોઓ.
16 બાકી તું માયેહાટી પોતાના બોરહામાય આરદો આપુરો હેય, એને
નાંય તે તું પુરો બોરહો કોઓ, એને નાંય તે તું માન મોનાઈ કોઅય દે,
યાહાટી આંય તુલ છોડી દેઅનામાય હેય.
17 તું એહેકેન આખતોહો કા આંય માલદાર હેતાઉ, એને માન જોજે
તી બોદા કાય હેય, બાકી તું નાંય જાંએ કા ઈ હાચ્ચાઇ કાય હેય, યેવોય
તરસ યેય ઓહડો હેય, કાહાકા તું ગોરીબ હેતો, એને તોપાય ડોગલેં
નાંય હેય, એને તું આંદળો હેય.
18 યાહાટી આંય તુલ સલાહ દેતાહાવ, તું માયેપાઅને ચોખ્ખાં
હોના વેચાતાં લે, જેથી તું આસલીમાય માલદાર બોની જાય, એને તું
માયેપાઅને પોવાહાટી ઉજળેં ડોગલેં વેચાતે લેય લે, જેથી તો શરીર
ડાકાલા રોય એને તુલ શરામ નાંય ઓએ, એને તુલ તો ડોળાહા સારવાર
કોઅરાહાટી માયેપાઅને અંજન વેચાતાં લેય લે, જેથી તુલ દેખાયાં લાગે.
19 આંય જ્યાહાવોય પ્રેમ કોઅતાહાંવ, ચ્યાલ આંય હિકાડતાહાવ
એને ડૉડ બી દેતહાવ, જેથી ચ્યે હારેં બોની જાય. યાહાટી હારાં
કોઅરાહાટી લાગી રો, એને પાપ કોઅના બંદ કોઅય દે.
20 વોનાયા, આંય તુમહે રુદયામાય યાંહાટી, આંય ચ્યા માઅહા
હારકો હેતાંવ જેહેકેન ગોઆ બાઆ ઉબલો હેય એને બાઅણા
ખોખડાવેહે, જો તુમા મા આવાજ વોનાતેહે એને તુમહે રુદય ઉગાડતેહે
તે આંય માજા યીહીં એને આપા યોકબીજાઆરે સંગતી કોઅહુ.
21 જ્યા લોક જીત મેળાવતાહા, ચ્યાલ આંય મા રાજગાદ્યે બાજુ માય
રાજગાદ્યેવોય બોહરા ઓદિકાર દિહી, જેહેકેન આંય જાતે મા આબા

આરે રાજગાદ્યેવોય બોહી ગીયહો.
22 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, પવિત્ર આત્મા
મંડળીલ કાય આખહે."

# 4

## પોરમેહેરા રાજગાદી

1 માયે યો બોદ્યો વાતો દેખ્યા પાછે, માયે હોરગામાય યોક ઉગાડલા
બાઅણા દેખ્યા, એને કાદાં તેરુ મા આરે વાત કોઅય રીઅલા આતા
એને બોલનારો તોજ આતો જ્યા આંય પેલ્લો બી વોનાયેલ, જ્યા
આવાજ તુતારી ફૂકના આવાજા હારકો આતો. એને ઈયાય માન આખ્યાં,
"માયેપાંય ઈહીં ઉચે યે, એને આંય ઈયો વાતો તુલ દેખાડીહી, જ્યો યે
વાતહે પાછે પુરાં ઓઅના જરુરી હેય."
2 તારાત આંય પવિત્ર આત્મા કોબજામાય યેય ગીયો, માયે
હોરગામાય યોક રાજગાદી એને રાજગાદ્યેવોય કાદાલતેરુ બોઠલા દેખ્યા.
3 જો ઈયે રાજગાદ્યેવોય બોઠલો આતો, ઈયા ચેહેરો યોક ચોમાકનારા
યશબ મણી એને લાલ મણી મોઅગા દોગાડા હારકો દેખાય, એને
ઈયે રાજગાદી ચારીચોમખી યોક મેઘધનુષ્ય આતો, જો નીળા કિમત્યા
દોગડા હારકો દેખાતો આતો.
4 એને ઈયે રાજગાદી ચોમખી ઈયોવીસ બીજ્યો રાજગાદ્યો આત્યો,
એને ઈયે રાજગાદ્યેહેવોય ઈયોવીસ વડીલ ઉજળેં ડોગલેં પોવીન બોઠલા
હેય, એને ઈયાહા ટોલપાહાવોય હોના મુગુટ હેય.

## હોરગામાય ભક્તિ

5 એને ઈયે રાજગાદ્યે પાઅને વિજાળના એને ગાજના આવાજ
નિંગ્યાજ કોએ, એને રાજગાદ્યે હુમ્મે હાત દિવા બોળી રીઅલા આતા,
ઈયા પોરમેહેરા હાત આત્મા હેય.
6 ઈયે રાજગાદ્યે આગલા યોક ફરશી આતી, જીં દોરિયા હારકી
પોઅળી આતી, જીં કાચા હારકી સાફ આતી.
તી મોઠી રાજગાદી ઈયા બોદહા બિલકુલ વોચમાય આતી, એને
ઈયા ચારીચોમખી ચાર પ્રાણી આતેં, જ્યાહા શરીર પુરીરીતે ડોળહાકોય
ડાકાલા હેય.
7 યા ચાર પ્રાણ્યાહા માઅને પેલ્લા પ્રાણી સિંહા હારકા દેખાતાં આતા,
એને બિજાં પ્રાણી વાછડા હારકા દેખાતાં આતા, તીજા પ્રાણી મુંય

માઅહા હારકા દેખાતાં આતા, એને ચૌથા પ્રાણી ઉડનારા ગુવાડા હારકા
દેખાતાં આતા.
8 આ ચાર પ્રાણ્યાહા સોવ-સોવ પાખડેં આતેં, એને આહાવોય બોદી
જાગે ડોળા આતા, ઓલે લોગુ કા આહા પાખડાહા તોળે બી ડોળા
આતા, એને એ રાત-દિહી વિહવ્યા વોગર એહેકેન આખતે આતેં,
"પવિત્ર, પવિત્ર, પવિત્ર પ્રભુ પોરમેહેર, જો સર્વશક્તિમાન હેય, જો
પોરમેહેર કાયામને આતો, એને જો હેય, એને જો યેનારો હેય."
9-10 એને જો રાજગાદીવોય બોઠલો આતો, ચાર પ્રાણી આલ મહિમા
એને આદર એને ધન્યવાદ દેતહેં, તોજ હેય જો સાદાન સાદા જીવતો
હેય. એને જોવેબી એ એહેકેન કોઅતેહે, તે ચોવીસ વડીલ આ હામ્મે
પાગે પોડતાહા એને આ ભક્તિ કોઅતાહા, એને આ એહેકેન આખીન
પોત-પોતાના મુગુટ રાજગાદી હામ્મે ટાકી દેતહા.
11 "ઓ આમહે પ્રભુ પોરમેહેર, તુયે બોદા કાય બોનાવલા હેય, તોજ
ઇચ્છાથી એ હજર હેય, એને એ બોનાડલે ગીયહેં, યા લીદે તું મહિમા
એને આદર એને સામર્થ્યા યોગ્ય હેય."

# 5

## મોહર લાવલી ચોપડી એને ગેટા

1 એને જો રાજગાદીવોય બોઠલો આતો, માયે આ જમણા
આથામાય યોક ચોપડી દેખી, એવોય બેની ચોમખીને લોખલાં આતા,
એને એલ હાત મોહર મારીન બોંદ કોઅલી આતી.
2 પાછે માયે યોક તાકાતવાળો હોરગા દૂત દેખ્યો જો જોરખે બોંબલીન
પ્રચાર કોઅતો આતો, "યે ચોપડીલ ખોલના એને એ મોહર તોડના લાયકે
કુંઉ હેય?"
3 બાકી નાંય હોરગામાય, નાંય દોરત્યેવોય, નાંય દોરત્યે નિચે કાદાં એ
ચોપડ્યેલ ખોલના કા એલ વાચના લાયકે મિળ્યાં.
4 તોવે આંય હુંઅકા ટાકી-ટાકીન રોડાં લાગ્યો, કાહાકા એ ચોપડ્યેલ
ખોલના કા એમાય જી લોખલાં હેય તી વાચના લાયકે કાદાજ નાંય
મિળ્યાં.
5 તોવે આ વડીલાહામાઅરે યોકાય માન આખ્યાં, "રોડહે મા, વોનાય,
યહૂદા કુળા માઅરે યોક સિંહી હેય, જો દાઉદ રાજા મહાન વંશજ

હેય, જો ઈ ચોપડયેલ ખોલના એને ઈ હાત મોહર તોડાં હાટી સૈતાના
શક્ત્યેહેવોય વિજય જાયહો.”
6 પાછે માયે ચોક ગેટાલ દેખ્યો જો રાજગાદી એને ચાર પ્રાણીયાહા
એને ચ્યોવીસ વડીલાહા વોચમાય ઉબલો આતો, ચ્યા ગેટા શરીરવોય
ઓહડે ચિન્હે આતેં કા ચ્યાલ પેલ્લા બલિદાન કોઅલો આતો, એને ચ્યા
હાત હિંગડે એને હાત ડોળા આતા, યેં પોરમેહેરા હાત આત્મા હેતેં
જ્યાહાલ બોદી દોરત્યેવોય દોવાડલે હેય.
7 ચ્યા ગેટાય આગલા યેયન રાજગાદ્યેવોય બોહનારા જમણા
આથામાઅને ચોપડયેલ લેય લેદી.
8 જોવે ચ્યાય ચોપડી લેય લેદી, તોવે ચાર પ્રાણી એને ચ્યોવીસ વડીલ
ચ્યા ગેટા હામ્મે નમી ગીયા, એને બોદા વડીલાહાય ચોક વીણા એને હોના
વાટકો લેદલો આતો, એને ચ્યા વાટકાહામાય ધૂપ બોઅલાં આતા, જીં
પવિત્ર લોકહા પ્રાર્થનાયો હેય.
9 એને ઈ બલિદાન ઓઅલા ગેટા બારામાય ઈ નોવા ગીત આખા
લાગ્યેં, “તું યે ચોપડયેં ખોલના, એને મોહર તોડાં લાયકે હેય, કાહાકા તુયે
બલિદાન ઓઇન પોતા લોયેથી બોદા કુળહા એને બોદી ભાષા એને બોદી
જાતી એને બોદા રાજ્યાહાથી લોકહાન પોરમેહેરાહાટી વેચાતે લેદલે
હેય.
10 તુયે ચ્યાહાન આમહે પોરમેહેરાહાટી ઓહડા લોક બોનાવી દેના
જ્યાહાવોય પોરમેહેર રાજ્ય કોઅહે એને યાજક બોનાવ્યાં જ્યા ચ્યા
સેવા કોઅતાહા, એને ચ્યા દોરતીવોય રાજ્ય કોઅરી.”

## હોરગ્યા દૂતહાકોય બલિદાન ઓઅલા ગેટા વાહવા

11 આંય પાછી નાંય ગોણાય ઓલા હોરગા દૂતહા આવાજ વોનાયો,
જ્યા રાજગાદી, એને ચાર પ્રાણ્યાહા એને ચ્યોવીસ વડીલાહા ચોમખી
ઉબલા દેખ્યા.
12 એને ચ્યા જીં બલિદાન ઓઅલા ગેટા બારામાય જોરખે ગીત
આખતા આતા, “બલિદાન ઓઅલા ગેટાજ મહિમા લાયકે હેય, ચ્યા
ઓદિકાર મહાન હેય, ચ્યા જ્ઞાન બોજ ઉંડા હેય, તો બોજ સામર્થ્યવાળો
હેય એને બોજ માલદાર હેય, યા આપા ચ્યા આદર કોઅજે, યા આપા
ચ્યા સ્તુતિ કોઅતે.”
13 પાછે માયે હોરગામાય એને દોરત્યેવોય એને દોરત્યે નિચે એને
દોરિયા બોદો બોનાવલ્યો વસ્તુહુલ, જીં કાય ચ્યામાય હેય, ઈ આખતા

વોનાયો, “યા આપા જો રાજગાદેવોય બોઠલા એને ગેટા સ્તુતિ, એને
આદર, એને મહિમા, કાયામ ને કાયામહાટી કોઅતે રોતે, કાહાકા તો
બોદહા કોઅતો બોજ તાકાતવાળો હેય.”
14 એને ચાર પ્રાણ્યાહાય “આમેન” આખ્યાં, એને વડીલ નમી ગીયા
એને ચ્યાહાય ભક્તિ કોઅયી.

# 6

### પેલ્લી મોહર ખોલના

1 પાછે માયે દેખ્યાં કા ગેટાય ચ્યા હાત મોહર માઅને યોકાલ ખોલી,
એને માયે ચાર પ્રાણ્યાહા માઅને યોકાલ બોંબાલતા વોનાયો, ચ્યા
આવાજ ગાજના હારકો આતો, ચ્યાય આખ્યાં, “આમી જો, આગાડી
વોદ.”
2 તોવે માયે યોક ઉજળો ગોડો દેખ્યો, એને જો ચ્યાવોય બોઠલો
આતો, ચ્યા આથામાય યોક ધનુષ્ય આતો, ચ્યાલ યોક મુગુટ દેનલો
ગીયો, એને તો હોરગામાઅને બારે દોરતીવોય ગીયો, ચ્યા હારકો જો
પેલ્લાજ જીત મેળાવલી હેય, એને પાછો જીત મેળવી.

### બીજી મોહર ખોલના

3 જોવે ગેટાય બીજી મોહર ખોલી, તોવે બિજા પ્રાણ્યાલ એહેકેન
આખતો વોનાયો, “યે.”
4 પાછે યોક બિજો લાલ ગોડો નિંગ્યો, જો ચ્યાવોય બોઠલો આતો,
ચ્યાલ યોક મોઠી તલવાર દેનલી આતી એને ચ્યાલ ઓ ઓદિકાર દેનલો
ગીયો, કા દોરતીવોઅને શાંતી મોટાડી દેય, જેથી લોક યોકબિજાલ
માઆય ટાકે.

### તીજી મોહર ખોલના

5 જોવે ગેટાય તીજી મોહર ખોલી, તોવે માયે તીજા પ્રાણ્યાલ એહેકેન
આખતા વોનાયો, “યે.” તોવે માયે યોક કાળો ગોડો બારે યેતો દેખ્યો, એને
ચ્યાવોય જો બોઠલો આતો ચ્યા આથામાય યોક તારાજાં આતા.
6 આંય વોનાયોકા ચ્યા ચાર પ્રાણ્યાહા માઅને જો બોલી રિઅલો
આતો તો માઅહા હારકો બોલતો આતો, યેનારા દિહામાય દોરત્યેવોય
દુકાળ ઓઅરી એને યાહાટી યોકા દિહા મોજરી કેવળ યોક કિલો ગોંવ

રોય, નાંય તે તીન કિલો જવ રોય, બાકી તેલ એને દારાખા રોહો કિંમાત
નાંય વોદાડના.

### ચોથી મોહર ખોલના

7 જોવે ગેટાય ચોથી મોહર ખોલી, તોવે માયે ચોથા પ્રાણ્યાલ એહેકેન
આખતા વોનાયો, "યે."
8 તોવે માયે ફીકો પોડી ગીઅલો ગોડો દેખ્યો, જો ચ્યાવોય બોઠલો
આતો ચ્યા નાંવ મોરણ આતા, એને ચ્યા પાહલા-પાહલા અધોલોક યેય
રીઅલા આતા. ચ્યા બેનહ્યાલ દોરતીવોય રોનારા દરેક ચાર માઅહા
માઅને યોકાલ માઆઇ ટાકના ઓદિકાર આતો, એને ચ્યાહાય ચ્યાહાન
તલવારીકોય માઆઇ ટાક્યા, બુખેકોય માઆઇ ટાક્યા, ખારાબ-ખારાબ
બીમારીહીકોય માઆય ટાક્યા, એને જંગલી જોનાવરહાકોય બી
માઆઇ ટાકાડયા.

### પાચમી મોહર ખોલના

9 જોવે ચ્યાય પાચમી મોહર ખોલી, તોવે માયે વેદ્યે તોળે ચ્યા લોકહા
આત્માહાન દેખ્યાં જ્યાહાન માઆઇ ટાકલે આતેં, કાહાકા ચ્યે પોરમેહેરા
વચનાહા પ્રતિ એને ચ્યા સંદેશા પ્રતિ વિશ્વાસયોગ્ય આતેં જો ચ્યાહાન
મિળલો આતો.
10 ચ્યાહાય મોઠેરે બોંબલીન પોરમેહેરાલ આખ્યાં, "ઓ પવિત્ર
એને હાચ્ચાં પ્રભુ, તું દોરત્યેવોય રોનારાહા ચ્યા ખારાબ લોકહાન ડૉડ
દેઅનામાય ઓલો લાંબો સમય કાહા લેય રિયહો? આમા વિનાંતી
કોઅજેહે કા તું ચ્યા લોકહા વેવહારા બોદલો લે જ્યાહાય આમહાન
માઆઇ ટાકહયા."
11 ચ્યાહામાઅરે દરેકાલ ઉજળા ફાડકા દેના, એને પોરમેહેરાય
ચ્યાહાન આખ્યાં, આમી તાંવ આરામ કોઆ, કાહાકા આમીબી તુમહે
આર્યે સહકર્મી એને તુમહે હાંગાત્યે વિસ્વાસી હેય, જ્યાહાન તુમહે
હારકા માઆઇ ટાકલા જાય, જોવે માઅનારાહા ગોણત્રી પુરી ઓઅરી,
તોવેજ આંય બોદલો લિહીં.

### છઠ્ઠી મોહર ખોલના

12 એને જોવે માયે ગેટાલ છઠ્ઠી મોહર ખોલતા દેખ્યા, તોવે યોક મોઠો
દોરતીકંપ જાયો, એને દિહી કાંબળા હારકો કાળો ઓઅય ગીયો એને
ચાંદ લોયા હારકો લાલ ઓઅય ગીયો.

13 આકાશા તારા દોરત્યેવોય એહેકોય પોડ્યા કા જેહેકેન વાવાઝોડા
કોઇ આંલીન અંજીરા જાડા વોઅરે કાચા અંજીર ખેખરાય પોડતેહે.
14 એને આકાશ જેહેકેન કાગળાં ચોંડાળીન થોવી દેતહેં તેહેકેન
ઓઅય ગીયા, એને બોદા ડોંગા એને દોરિયામાઅને બોદા બેટહાય
ચ્યાહા જાગો બોદલી દેનો.
15 તોવે દોરત્યે રાજા, એને પ્રધાન, એને ઓદિકારી એને મોઠે-
મોઠા માતલા લોક, એને તાકાતવાન, એને જ્યા ગુલામ આતા એને
જ્યા ગુલામીમાય નાંય આતા બોદા ને બોદા ડોંગહા ગુફાહા માય એને
ખોલકડાહા એઠા જાયન દોબી ગીયા.
16 એને ડોંગહાન, એને ખોલકડાહાંન આખા લાગ્યા, "આમહાવોય
ટુટી પોડા એને આમહાન ચ્યાકોય દુબાડી લા, જેથી જો રાજગાદ્યેવોય
બોઠલો હેય તો આમહાન એઅય નાંય હોકે, એને ગેટા આમહાન ડૉંડ
નાંય દી હોકે.
17 કાહાકા તો ભયાનક દિહી યી પોઅચ્યોહો, જો પોરમેહેર એને ગેટા
બોદહાન ડૉંડ દેઅરી, એને કાદાબી ચ્યા ડૉંડાપાઅને બોચી નાંય હોકી."

# 7

## ચોક આકાશ

1-2 ચ્યા પાછે, માયે ચાર હોરગા દૂતહાન દુનિયા ચારી ખુણહાવોય
ઉબલા દેખ્યા, ચ્યા હોરગ્યા દૂતહાન દુનિયાલ વિપત્યેહેકોય નાશ કોઅના
ઓદિકાર મિળલો આતો, ભલે ચ્યો દોરિયામાઅને રોય કા દોરત્યેવોયને
રોય. ચ્યાહાય ચારી ખુણહા વોઅને વારો બંદ કોઅય દેનો, જેથી
દોરિયામાય એને દોરતીવોય એને જંગલામાય વારો નાંય ચાલી હોકે.
માયે દોરતીવોય આજુ ચોક હોરગ્યા દૂતાલ પૂર્વ દિશામાય પ્રગટ ઓઅતા
દેખ્યો, ચ્યાવોય પોરમેહેરાપાઅને ચોક મોહર આતી, ચ્યા હોરગ્યા દૂતાય
જોરખે બોંબલીન ચ્યા ચાર હોરગ્યા દૂતહાન આખ્યાં.
3 "જાવ લોગુ આપા આપે પોરમેહેરા સેવાકાહા ટોલપાવોય મોહર
નાંય લાવી દેજે, જેથી ચ્યા વિપત્તિકોય નાશ નાંય ઓએ, તાંવ લોગુ
દોરતી એને દોર્યા એને જાડવાહાન નાશ નાંય કોઅના."

## ઈસરાયેલા ચોક લાખ ચુમાલીસ ઓજાર લોક

4 જોવે હોરગ્યા દૂતહાય નિશાણી લાવના પુરાં કોઅયા, તોવે કાદાય
તેરુ માન આખ્યાં કા જ્યા લોકહા નિંડાળાવોય હોરગ્યા દૂતહાય
પોરમેહેરા મોહર લાવલી હેય, ઈયાહા ગોણત્રી યોક લાખ ચુમાલીસ
ઓજાર આતી, યા લોક ઈસરાયેલા બોદા બારા કુળાહામાઅને આતા.
5 હોરગ્યા દૂતાય દરેક કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર
લાવી. યહૂદા કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી,
રુબેના કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી, એને ગાદા
કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી.
6 આશેરા કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી,
નફતાલી કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી, મનશ્શા
કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી.
7 સિમોના કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી,
લેવી કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી, ઇસ્સાખારા
કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી.
8 જબુલુના કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી,
યોસેફા કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી,
બિન્યામીના કુળામાઅને બારા ઓજાર લોકહાવોય મોહર લાવી.

### લોકહા યોક મોઠી ગીરદી

9 ઈયા પાછે માયે લોકહા યોક બોજ મોઠી ગીરદી દેખી, જ્યેલ કાદાબી
ગોણી નાંય હોકતા આતા, ઈયે દુનિયા બોદી જાતી, એને બોદા કુળા,
દેશહા, એને બોદી ભાષા બોલનારાહા માઅને આતેં, ઈયે રાજગાદી એને
ગેટા હામ્મે ઉબલે આતેં, ઈયે ઉજળેં ડોગલેં પોવલે આતેં એને બોદહા
આથામાય ખુજરિયે ડાહાગ્યો દોઅલ્યો આત્યો, જ્યો સન્માન કોઅના
પ્રતિક આત્યો.
10 એને ઈયે જોરખે બોંબલીન આખે, “આમહે પોરમેહેરા સ્તુતિ ઓએ
જો રાજગાદ્યેવોય બોઠલો હેય, એને ગેટા મતલબ ઈસુ ખ્રિસ્તા સ્તુતિ
ઓએ, કેવળ તુંજ હેય જો આમહે તારણ કોઅતોહો.”
11 એને બોદા હોરગા દૂત જ્યા રાજગાદી એને વડીલાહા એને ચાર
પ્રાણ્યાહા ચારીચોમખી ઉબલા આતા, ઈયા બોદા ને બોદા રાજગાદ્યે

હામ્મે ઉંબડા પોડી ગીયા, એને ઈ આખીન ચ્યાહાય પોરમેહેરા આરાધના
કોઅચી.
12 “આમહે પોરમેહેરા, આમા સાદા તો સ્તુતિ એને મહિમા કોઅજેહે,
તુલ ધન્યવાદ એને આદર દેજહે, આમા માનજેહેકા તું બોદી રીતીકોય
જ્ઞાનવાન હેય, એને સામર્થી હેય, જો સાદાહાટી બોદા કામહાલ કોઅના
યોગ્ય હેય.” આમેન.
13 યાવોય ચૌવીસ વડીલાહા માઅને યોકાય માન પુછ્યાં, “કાય તું
જાંઅતોહો યેં ઉજળેં ડોગલેં પોવલે કુંઉ હેતેં? એને કેસરે યેનહે?”
14 તોવે માયે ચ્યાહાન આખ્યાં, “ઓ માલિક, આંય નાંય જાંઆવ
બાકી તું જાંઅતોહો.” પાછો ચ્યાય માન આખ્યાં, “યેં ઉજળેં ડોગલેં
પોવલા ચ્યા લોક હેય જ્યાહાય બોજ મોઠા સતાવા અનુભવ કોઅલો
હેય, ચ્યાહાય ગેટા લોયાકોય પોત-પોતાલ પોરમેહેરા નોજરેમાય શુદ્ધ
બોનાવી લેદલા હેય.”
15 યા લીદે ચ્યે પોરમેહેરા રાજગાદી હામ્મે ઉબલે હેય, એને ચ્યે બોદી
વેળે રાત દિહી પોરમેહેરા ગોઅમે સેવા કોઅતેહે, એને જો રાજગાદ્યેવોય
બોઠલો હેય, તો ચ્યાહા વોચમાય રોય એને ચ્યાહા હાંબાળ કોઅરી.
16 “ચ્યે પાછે બુખ્યેં એને પિહયે નાંય રોય, એને ચ્યે આમી દિહાકોય
કા તે કોઅહિબી ગરમીકોય બાળલે નાંય જાય.
17 કાહાકા ગેટા જો રાજગાદી વોચમાય હેય, ચ્યાહા રાખવાળી
કોઅરી, જેહેકેન યોક મેંડવાળ્યો ચ્યા ગેટાહા રાખવાળી કોઅહે, તો
ચ્યાહાન તાજા પાઆય પીયાંહાટી લી જાયા કોઅરી, જો લોકહાન
જીવન દેહે, એને પોરમેહેર ચ્યાહા ડોળાહા બોદે આહવેં નુસી ટાકી.”

# 8

## હાતમી મોહર ખોલના, હાત તુતારી એને હોના ધુપદાન

1 જોવે ગેટાય હાતમી મોહર ખોલી, તોવે હોરગામાય જર્યે બોદે આતેં
ચ્યે આરદા કોલાકા લોગુ યોકદાજ શાંત ઓઅય ગીયે.
2 એને માયે ચ્યા હાત હોરગા દૂતહાલ દેખ્યાં જ્યા પોરમેહેરા હામ્મે
ઉબા રોતહા, એને ચ્યાહાન હાત તુતારા દેનલા ગીયા.

3 તાઅને યોક હોરગા દૂત હોના બોનાવલા વાટકા લેઈને યેનો, એને
ધૂપ દેઅના વેદ્યે પાહી ઉબો રિયો, આલ બોજ લોકહા પ્રાર્થના આરે
બાળાહાટી બોજ બોદી ધુપ દેનલી આતી, આય ધૂપ એને પ્રાર્થનાલ એ
હોના વેદ્યેવોય બાળી દેના, જો પોરમેહેરા રાજગાદી હામ્મે આતી.
4 જોવે હોરગા દૂતે એહેકેન કોઅયા, તોવે ધૂપમાઅને ધુપવા દુકળાં
પોરમેહેરા પવિત્ર લોકહા પ્રાર્થના હાતે હોરગા દૂતા આથેકોય પોરમેહેરા
હામ્મે પોઅચી ગીયા.
5 તોવે હોરગા દૂતાય ધુપદાન લેઈને એમાય વેદ્યે આગ્યે કોળહે
બોઅયે એને દોરત્યેવોય ટાકી દેના, એને તોવે ગાજના એને આવાજ
ઓઅના એને વિજાળના એને દોરતીકંપ ઓઅરા લાગ્યા.
6 તોવે આ હાંતી હોરગા દૂત જ્યાહાવોય હાત તુતારા આતા, આ
વાજાડા તિયાર જાયા.

## પેલ્લી તુતારી

7 પેલ્લા હોરગા દૂતાય તુતારા વાજાડયા, એને તારાત લોયામાય
મિળલ્યો બોજ ગાર્યો એને આગ દોરતીવોય પોડી, આ લીદે દોરતી યોક
તિહાઇ ભાગ, એને જાડહા યોક તિહાઇ ભાગ એને દોરતીવોઅને બોદા
નીળા ગાહીયા બોળી ગીયા.

## બીજી તુતારી

8 બિજા હોરગા દૂતાય તુતારી વાજાડી, તોવે આગડા હારકો બોળતો
યોક ડોગો દોરિયામાય પોડયો, એને દોરિયા બી યોક તીજો ભાગ લોય
એઅઇ ગીયો.
9 આ લીદે દોરિયા યોક તિહાઇ પ્રાણી મોઅઇ ગીયે, એને આકોય
દોરિયામાય યોક તિહાઇ જાહાજ બી નાશ એઅય ગીયે.

## તીજી તુતારી

10 પાછો ત્રીજા હોરગા દૂતાય તુતારી વાજાડી, એને યોક મોઠો તારો
દિવા હારકો બોળતો આતો તો હોરગામાઅને ટુટ્યોં, એને નોયહે યોક
તિહાઇ ભાગામાય એને જીવન દેનારા પાઅયાવોય પોડયો.
11 આ તારા નાંવ માણા હેય, આ લીદે તી પાઆય જાં પોડ્યા તી
બોદા પાઆય માણા ઓઅય ગીયા, એને બોજ માઅહે તી માણા

પાઆય પિઅનાકોય મોઅઇ ગીયે, કાહાકા પાઆય માણા ઓઅય ગીઅલા આતા.

## ચૌથી તુતારી

12 પાછો ચૌથા હોરગા દૂતાય તુતારી વાજાડી એને દિહા ચોક તિહાઇ
ભાગ એને ચાંદા ચોક તિહાઇ ભાગ એને તારહા ચોક તિહાઇ ભાગ વોય
ટોકરાયા, ચ્યા લીદે દિહયા ચોક તિહાઇ દિહા ઉજવાડો નાંય દેનો, એને
ચાંદ એને તારહા રાતી ચોક તિહાઇ સમય નાંય જોની દેની.
13 પાછો માયે ચોક ગુવાડાલ આકાશામાય ઉચે ઉડતા દેખ્યા, એને
જોરખે બોંબલીન એહેકેન આખતા વોનાયો, "જોવે બાકી તીન હોરગા
દૂત તુતારી વાજાડી, તોવે દોરત્યેવોય રોનારાહાહાટી હાય, હાય, હાય!"

# 9

## પાચમી તુતારી

1 જોવે પાચમા હોરગા દૂતાય તુતારી વાજાડી, તોવે માયે
હોરગામાઅને દોરતીવોય ચોક તારો પોડતો દેખ્યા, એને ચ્યાલ બોજ
ઉંડા ખાડા ચાવી દેવામાય ચેની.
2 ચ્યાય બોજ ઉંડા ખાડાલ ખોલ્યો, એને બોજ ઉંડા ખાડામાઅને
મોઠી બાઠી હારકો દુકળો નિંગ્યો, એને બોજ ઉંડા ખાડામાઅને નિંગલા
દુકળાકોય દિહી એને વાતાવરણ ડાકાય ગીયા.
3 ચ્યા દુકળા માઅને દોરતીવોય ટોડે નિંગ્યે, એને ચ્યાહાન
દોરતીવોઅને વિછી ઓહડી ચાવી લેઅના શક્તિ દેનલી આતી.
4 એને ચ્યા ટોડહાન આખ્યાં કા તુમા દોરતી ગાહીયાલ, નીળા
ગાહીયાલ, વાહના જાડાલ, એને મોઠા જાડહાન નાશ નાંય કોઅના,
બાકી ચ્યા લોકહા નુકસાન કોઅના જ્યાહા નિંડાળાવોય પોરમેહેરા
મોહર લાવલી નાંય રોય.
5 ચ્યાહાન લોકહાન માઆઇ ટાકના નાંય બાકી કેવળ પાચ મોયના
લોગુ તોડપાવના પોરવાનગી દેનલી આતી, ચ્યાહા પીડા ઓહડી આતી
જેહેકેન વિછી માઅહાન ચાવી લેહે એને પીડા ઓઅહે.
6 ચ્યા પાચ મોયનાહામાય લોક મોઅના તરીકો હોદી, બાકી ચ્યે
મોઅઇ નાંય હોકી, એને મોઅના ઇચ્છા કોઅરી, બાકી ચ્યે મોઅઇ નાંય
હોકી.

7 આ ટોડા ગોડહા હારકા દેખાતા આતા, જયા લોડાય કોઅરાહાટી
તિયાર કોઅલા રોતહા, આહાય આહા ટોલપાહાવોય હોના મુગુટ
હારકા પોવલા આતા, આહા મુંયે માઅહા મુંયા હારકે દેખાતે આતેં.
8 આહા કીહીં થેઅયેહે કિહહા હારકા લાંબા આતા, એને આહા
દાત સિંહા દાતા હારકા મજબુત આતા.
9 આ લોખીંડા બોનાવલી ઝીલમ પોવલી આતી, જોવે એ ઉડી
રીઅલે આતેં, તે આહા પાખડાહામાઅને લોડાયમાય જોરથી દાહુંદનારા
કોલહાક ગોડહા રથાહા આવાજા હારકા આતો.
10 આહા વિછી હારકી શેપટી આતી, એને આહાન પાચ મોયના
લોગુ લોકહાન દુઃખ પોચાડના જી શક્તિ મિળલી આતી, જીં આહા
શેપટ્યેહેમાય આતી.
11 આહા રાજા તોજ સૈતાના દૂત આતો જયાંય બોજ ઉંડા ખાડા
ટાળા ખોલ્યેલ, આ નાંવ હિબ્રુ ભાષામાય આબધન હેય, એને યુનાની
ભાષામાય અપ્પુયોન હેય, જયા મતલબ નાશ કોઅનારો હેય.

12 પાચ મોયનાહા પાછે ઈ વિપત્તી પારવાય ગીયી, બાકી યા પાછે બી
બેન વિપત્યો યેનાર્યો હેય.

## છઠ્ઠી તુતારી

13 આ પાછે, જોવે છઠ્ઠા હોરગા દૂતાય તુતારી વાજાડી, તોવે માયે
પોરમેહેરા હામ્મે ધૂપ બાળના હોના વેદ્યે ચારી ખુણહા વોઅને ઓક
આવાજ વોનાયો.
14 એને આવાજાય છઠ્ઠા હોરગા દૂતાલ આખ્યાં, જયા આથામાય
તુતારી આતી, "આ ચાર સૈતાના દૂતહાલ ખોલી દે, જયા ફારાત નાંવા
મોઠી નોયે મેરાવોય બાંદલા હેય."
15 યાહાટી આ સૈતાના દૂતહાલ ખોલી દેના, આ પેલ્લાથીજ તિયાર
આતા એને આહાન આખલા આતા, યે ગેડી, યે દિહી, યે મોયને, એને યા
વોરહાહાટી વાટ જોવાં એને આમી તો સમય યેય ગીઅલો હેય, આહાન
દુનિયા યોક તિહાઇ લોકહાન માઆઇ ટાકના આતા.
16 તાં ગોડહાવોય બોહીન લોડાય કોઅનારા સૈનિકાહા યોક બોજ
મોઠી ફોજ યોકઠી આતી, આહા ગોણત્રી આંય વીસ કરોડ વોનાયો.

17 અ્યા ગોડા એને અ્યાહાવોય બોઠલાહાન માયે દર્શનામાય દેખ્યા, અ્યે
યે પરમાણે દેખાતે આતેં : અ્યાહા ઝીલમ આગ્યે હારકી લાલ, એને પાકી
નિળી એને ગંધકા હારકી પિવળી આતી. ગોડહા ટોલપે વાગહા ટોલપા
હારકે આતેં, અ્યાહા મુયામાઅને આગ, દુકળાં એને ગંધક નિંગી રીઅલા
આતા.
18 યે તીન વિપત્તિહિય, જ્યો ગોડહા મુયામાઅને નિંગનારી આગ,
દુકળાં એને ગંધકા કોય દોરતીવોઅને યોક તિહાઇ લોક માઆય ટાક્યા.
19 કાહાકા અ્યા ગોડહા સામર્થ્ય અ્યાહા મુયામાય એને અ્યાહા
શેપટીમાય આતી, યાહાટી કા અ્યાહા શેપટ્યો હાપડા હારક્યો આત્યો,
એને અ્યેહેકોય અ્યે લોકહા નુકસાન કોઅતે આતેં.
20 એને બાકી માઅહે જ્યેં અ્યા હાનીકારક ગોડહાકોય નાંય મોઅયે,
અ્યાહાય અ્યાહા હોના એને ચાંદી એને પિતળા એને લાકડા મુર્તિહી
પૂજા કોઅના નાંય છોડહયા, જ્યો અ્યાહાય બોનાવલ્યો આત્યો. યો
મુરત્યો દેખી નાંય હોકે, વોનાય નાંય હોકે, એને ચાલી બી નાંય હોકે,
એને અ્યાહાય બુતા આત્માહાલ બી પૂજા કોઅના બંદ નાંય કોઅયાહાં.
21 એને જીં હત્યા, એને જાદુ ટોના, એને વ્યભિચાર, એને ચોરી,
અ્યાહાય કોઅલી આતી, અ્યાહા કોઇન પોસ્તાવો નાંય કોઅયો.

# 10

## હોરગા દૂત એને વાહની ચોપડી

1 પાછે માયે યોક તાકાતવાળા હોરગા દૂતાલ વાદળાકોય ગેરાલો
હોરગામાઅને ઉતતો દેખ્યો, યોક મેઘધનુષ્ય અ્યા ટોલપી ચારીચોમખી
આતો, અ્યા મુંય દિહી હારકા ચોમાકતા આતા એને અ્યા પાગ આગડા
ખાંબા હારકા આતા.
2 અ્યા જમણો પાગ દોરિયામાય થોવલો આતો, એને અ્યા ડાવો પાગ
દોરત્યેવોય થોવલો આતો, એને અ્યા આથામાય યોક વાહની ચોપડી
ખોલલી આતી.
3 તો હોરગ્યો દૂત જોરખે બોંબલ્યો, એને અ્યા આવાજ વાગા રેકના
હારકો આતો, જોવે તો બોંબલ્યો, તે હાતદા સોસાણના આવાજ
વોનાયો, તો આવાજ ગાજના આવાજા હારકો આતો.

4 જોવે હાંતી મોઠા આવાજ વોનાય ચુક્યો, તોવે આંય લોખાહાટી
તિયાર જાયો, બાકી આંય હોરગામાઅને ઓ આવાજ વોનાયો, "જયો
હાતદા સોસાણના આવાજ વોનાયો, ઈયાલ ગુપ્તમાય રાખ એને મા
લોખહે."
5 જયા હોરગા દૂતાલ માયે દોરિયા એને દોરતીવોય ઉબલો દેખ્યો,
ઈયાય પોતાનો જમણો આથ કસમ ખાંહાટી આકાશા એછે ઉઠાવ્યો.
6 જો કાયામહાટી જીવતો હેય, એને જયાંય હોરગા, દોરતી એને
દોરિયો એને જીં કાય ઈયામાય ઉત્પન્ન કોઅલા હેય, ઈયા હોરગા દૂતાય
કાયામ જીવતા રોનારા પોરમેહેરા કોસામ ખાયન આખ્યાં, "આમી
કોઅયેહેબી વાતેહાટી આજુ વાટ નાંય જોવાં પોડી.
7 બાકી જોવે હાતમો હોરગા દૂત તુતારી વાજાડી, ઈયે દિહે પોરમેહેરા
ગુપ્ત રહસ્ય પુરાં ઓઅય જાય, જીં ઈયાય ઈયા સેવકાહાલ એટલે
ભવિષ્યવક્તાહાલ આખલા આતા."
8 તોવે આંય પાછો ઈયા આવાજાલ વોનાયો જયાંય મા આરે
હોરગામાઅને વાત કોઅલી આતી, આવાજાય માન આખ્યાં, "જો, ઈયે
વાહની ચોપડયેલ લેય યે, જીં હોરગા દૂતા આથામાય ખુલી હેય, જો
દોરિયા એને દોરત્યેવોય પાગ થોવિન ઉબલો હેય."
9 એને માયે હોરગા દૂતા પાહી જાયન આખ્યાં, ઈ વાહની ચોપડી
માન દે, એને ઈયાય પાછા માન ઈ બી આખ્યાં, "લે, યેલ ખાય લે, યા ચવ
મુયામાય મોદા હારકો ગુળો લાગી, બાકી પાછે યા કડવા લીદે તો બુકો
દુઃખી."
10 તોવે માયે તી વાહની ચોપડી હોરગા દૂતા આથામાઅને લેઈને ખાય
લેદી, એને હાચીજ ઈયા ચવ મોદા હારકી ગુળી લાગી, બાકી જોવે માયે
ઈયેલ ગીળી લેદા, તોવે મા બુકો દુઃખા લાગ્યો.
11 તોવે માન ઈ આખવામાય યેના, "તું બોદી જાતી એને દેશહા
લોકહાન એને બોદી ભાષા બોલનારા લોકહાન એને રાજહાલ યોકદા
પાછો આખ, જીં પોરમેહેર તુલ આખાહાટી આખી રિઅલો હેય."

# 11

## બેન સાક્ષી

1 પાછે માન હોરગ્યા દૂતાય માપા હાટી યોક પટ્ટી દેવામાય યેની, એને
માન આખ્યાં, "જો, એને પોરમેહેરા દેવાળાલ એને વેદીલ માપી લે, એને
ય્યા લોકહા ગોણત્રી કોઓ જ્યેં દેવાળામાય આરાધના કોઅય રીઅલે
હેય.
2 બાકી દેવાળા બાઆપુર નાંય માપના, કાહાકા તો જાગો ય્યાહાન
દેનલો ગીયહો, તો જ્યેં માયેવોય બોરહો નાંય કોએ એને ય્યે બેતાલીસ
મોયના લોગુ પવિત્ર શેહેર યેરૂસાલેમવોય રાજ્ય કોઅરી.
3 ય્યે સમયે, આંય મા બેન સાક્ષીદારહાલ 1,260 દિહી મા સંદેશા
પ્રચાર કોઅના ઓદિકાર દિહી, ય્યા શોક કોઅના ડોગલેં પોવીન પ્રચાર
કોઅરી."
4 યા બેન સાક્ષીદારહા તુલના બેન જૈતુના જાડ એને બેન દિવહા આરે
કોઅલી જાહે, જ્યા બોદી દુનિયા પોરમેહેરા હામ્મે ઉબા રોતહા.
5 જો કાદો દુશ્માન ય્યાહાન નુકસાન પોઅચાડા કોશિશ કોએ, તોવે
ય્યાહા મુંયા માઅને નિંગનારી આગ્યે કોય ય્યા દુશ્માનાહાલ નાશ કોઅય
દી. એને એહકોયજ જીં કાદાં ય્યાહાન નુકસાન પોઅચાડા કોશિશ
કોઅય, ય્યાલ યે રીતીકોય માઆય ટાકવામાય યી.
6 પોરમેહેરાય ય્યાહાન સંદેશ દેઅના પુરા સમયાલોગુ આકાશ માઅને
વરહાદ નાંય ઓઅય યાહાટી ય્યાહાન ઓદિકાર દેનલો. એને પાઅયાલ
લોય હારકા લાલ રોંગા બોનાવી દેઅના એને દોરતીવોય આબદા
દોવાડના ઓદિકાર દેનલો. ય્યા જોલા દા એહેકેન કોઅરા માગે તોલા
દા એહેકેન કોઅય હોકતાહા.
7 જોવે ય્યા બેન સાક્ષીદાર પોરમેહેરા સંદેશા પ્રચાર કોઅય ચુકી,
તોવે તી ભયંકર જોનાવર બોજ ઉંડા ખાડામાઅરે નિંગી, એને તો ય્યા
બેની સાક્ષીદારહા આરે લોડાય કોઅરી, એને ય્યાહાન આરવી દી, એને
ય્યાહાન માઆઇ ટાકી.
8 ય્યાહા મોઅલા શરીર મોઠા શેહેર યેરૂસાલેમ શેહેરા વાટેવોય પોડી
રોય, જીં ચિન્હા રુપામાય સદોમ એને મિસર આખવામાય યેહે, જાં
ય્યાહા પ્રભુ બી હુળીખાંબાવોય ચોડાવામાય યેનલો આતો.
9 બોદા કુળા એને ભાષા એને બોદી જાતી લોક ય્યાહા મોઅલા
શરીરાલ સાડે તીન દિહા લોગુ એઅતે રોય, બાકી ય્યાહા શરીરાલ
કાદાલબી કબર માય થોવા પોરવાનગી નાંય દી.

10 એને દોરતીવોય રોનારા બોદા લોક ઈયાહા મોરણાકોય આનંદિત
એને મગન ઓરી, એને યોકબિજાલ બેટ દોવાડી, કાહાકા યા બેની
સાક્ષીદારહાય દોરતીવોય રોનારાહાલ સતાવણી કોઅલી આતી.
11 બાકી સાડે તીન દિહા પાછે પોરમેહેરા એહેરે જીવના શ્વાસ
ઈયાહામાય ફુકી દેનો, એને ઈયા જીવતા ઓઅય ગીયા, એને ઈયા ઉઠીન
ઉબા રોય ગીયા, એને ઈયાહાન એઅનારે બોજ ગાબરાય ગીયે.
12 ઈયા પાછે, ઈયા બેની સાક્ષીદારહાય હોરગામાઅને યોક આવાજ
વોનાયા, જો જોરખે બોંબલ્યો એને આખ્યાં, "ઈહીં ઉચે યા!" જોવે
ઈયાહા દુશ્માન એઅય રીઅલા આતા, તોવે ઈયા યોકા વાદળાકોય ગેરાય
ગીયા એને હોરગામાય ઉચે નિંગી ગીયા.
13 પાછે ઈયેજ સમયે, યેરૂસાલેમ શેહેરમાય યોક મોઠો દોરતીકંપ
ઓઅયો, એને શેહેરા બોંગલાહા દસમો ભાગ તૂટી પોડયો, એને ઈયા
દોરતીકંપ કોય હાત ઓજાર માઅહે મોઅઇ ગીયે, એને જયેં બોચી
ગીયે ઈયે બોજ ગાબરાય ગીયે, એને ઈયાહાય હોરગા પોરમેહેરા મહિમા
કોઅયી.
14 બીજી વિપત્તી વિતી ગીયી, બાકી આજુ યોક વિપત્તી માહારીજ
યેનારી હેય.

## હાતમી તુતારી

15 જોવે હાતમા હોરગા દૂતાય તુતારી વાજાડી, તોવે માયે હોરગામાય
ચીંદળા આવાજાહા માય બોંબાલતા વોનાયો, "આમહે પોરમેહેર એને
ઈયા નિવાડલો તારણારો એટલે ખ્રિસ્તાલ બોદી દુનિયાવોય રાજ્ય
કોઅના ઓદિકાર હેય, એને તો સાદાન સાદા રાજ્ય કોઅરી."
16 તોવે ચૌવીસ વડીલ જયા પોરમેહેરા હામ્મે પોતપોતાના
રાજગાદીવોય બોઠલા આતા, ઘુટણે પોડીન પોરમેહેરા આરાધના કોઇન
બોલા લાગ્યા.
17 "ઓ સર્વશક્તિમાન પ્રભુ પોરમેહેર, જો હેય એને સાદામાટે આતો,
આમા હાચ્ચાંજ તો ધન્યવાદ કોઅજેહે, કાહાકા તુયે આમી તો મહાન
સામર્થ્ય દેખાડલા હેય, એને તુયે આમી દોરત્યેવોય ઈયા રાજ્ય સુરુ
કોઅય દેનલા હેય.
18 જયા લોક તોવોય બોરહો નાંય કોએ, ઈયા બોજ ખિજવાય
ગીઅલા હેય, કાહાકા આમી તો ગુસ્સો કોઅના સમય એને મોઅલા

લોકહા ન્યાય કોઅના સમય યેય ગીઅલો હેય. આમી તો સમય બી
હેય, જોવે તું આ ભવિષ્યવક્તાહાન એને પવિત્ર લોકહાન એને આ
બોદા લોકહાન જ્યા તો આદર કોઅતાહા આહાન પ્રતિફળ દેહે, એને
એજ સમયે તું આહા નાશ કોઅય દેહે જ્યાહાય દોરત્યેવોય વિનાશ
કોઅલા હેય."
19 તોવે પોરમેહેરા જીં દેવાળા હોરગામાય હેય, તી ખોલવામાય યેના,
એને આ દેવાળામાય કરારકોષા પેટી દેખાયી, પાછે વિજાળના એને
ગાજના આવાજ વોનાયા યેનો, દોરતીકંપ ઓઅયો એને મોઠયો ગાર્યો
પોડીન પાઆય પોડયો.

# 12

## થેએ એને બોજ મોઠો હાપ

1 જોવે તી પારવાય ગીયા, તે તાં યોક અદભુત ચિન્હ આતા,
જીં આકાશામાય દેખાય હોકતા આતા, કાહાકા ચાંદાવોય યોક થેએ
ઉબલી દેખાયી, જીં દિહા હારકે ચોમાકનારેં ડોગલેં પોવલી આતી, એય
ટોલપીવોય મુગુટ પોવલો આતો, જ્યામાય બારા તારા આતા.
2 તીં થેએ મોયનાવાળી આતી, એને એ જન્મો દેઅના સમય યેય
ગીઅલો આતો, એને એ જન્મો દેઅના પીડા લીદે બોંબલી રિઅલી
આતી.
3 યોક આજુ ચિન્હ આકાશામાય દેખાયાં, યોક લાલ રંગા બોજ
મોઠો અજગર, જો સૈતાન હેય, આ હાત ટોલપે આતેં, એને હાંતી
ટોલપાહાવોય મુગુટ આતા એને આ દોહો હિંગે આતેં.
4 એને આહા શેપટયેહેકોય આકાશામાઅને ચાંદાલાહા તીન હિસ્સા
ખેચીન દોરતીવોય ટાકી દેના, એને તો મોઠો અજગર, એટલે સૈતાન એ
થેઅયે હામ્મે ઉબો રોય ગીયો, જેથી એ પોહેં પૈદા ઓઅતાંજ ખાય
જાય.
5 તોવે એ થેએયે યોક પોહાલ જન્મો દેનો, બાકી મોઠો હાપ આલ
ખાય નાંય હોક્યો, કાહાકા આલ તારાત પેચકી લેદલા ગીયા, એને
પોરમેહેરા એને આ રાજગાદ્યેવોય લેય યેનલો ગીયો. તો પોહો યોક
લોખીંડા ડેંગારી હાતે એટલે પુરા ઓદિકારાહાતે બોદા લોકહાવોય રાજ્ય
કોઅરી.

6 એને તીં થેએ ઉજાડ જાગામાય નાહી ગીયી, જો જાગો પોરમેહેરાય
એહાટી તિયાર કોઅલો આતો, કા તાં એ 1,260 દિહી લોગુ
પાલનપોષણ કોઅલી જાય.

### અજગર હોરગામાઅને બાઆ ફેકલો ગીયો

7 પાછે હોરગામાય લોડાય ઓઅયી, મિખાયેલ એને ચ્યા આર્યા
હોરગા દૂત અજગર એને ચ્યા દૂતહા આરે લોડાય લોડી.
8 બાકી અજગર લોડાય આરાય ગીયો, એને અજગર એને ચ્યા દૂત
હોરગામાઅને બારે કાડી દેવામાય યેના.
9 ઓ મોઠો હાપ, તોજ હેય જો બોજ સમયા પેલ્લા દેખાલો આતો,
જ્યાલ સૈતાન બી આખાયેહે, ઓ તોજ હેય જો દુનિયા લોકહાન દોગો
દેતો યેનલો હેય. યાહાટી ચ્યા મોઠા અજગરાલ એને ચ્યા દૂતહાલ
દોરતીવોય ફેકી દેવામાય યેના.
10 પાછે આંય હોરગામાઅને ઓ મોઠો આવાજ વોનાયો, "આમી
આમહે પોરમેહેર ચ્યા લોકહાન બોચાવી, આમી તો ચ્યા સામર્થ્યા
ઉપયોગ કોઅરી એને રાજા રુપામાય રાજ્ય કોઅરી, આમી તો ખ્રિસ્ત
દુનિયાવોય ચ્યા ઓદિકાર પ્રગટ કોઅરી, કાહાકા આમી સૈતાન આમહે
પોરમેહેરા હજર્યેમાય ઉબો રોયન આમહે આર્યાહાવોય દિહીન-રાત દોષ
નાંય લાવી, કાહાકા ચ્યાલ હોરગામાઅને બાઆ ફેકી દેનલો હેય.
11 આમહે વિસ્વાસ્યાહાય સૈતાનાલ ગેટા લોયા સામર્થ્યાકોય આરવી
દેનલો હેય, જો ચ્યાહા પાપહા માઅને છોડાવાહાટી મોઅઇ ગીઅલો
આતો, ચ્યાહાય ચ્યાલ આરવી દેનો કાહાકા ચ્યાહાય ઓ બોરહો
કોઅયો કા ગેટા ચ્યાહા પોરમેહેર આતો, ચ્યાહાન સતાવલા ગીયા,
ઓલે લોગુ કા એ ચ્યાહાન માઆઇ ટાક્યેં, બાકી એ ચ્યાવોય બોરહો
કોઅનાકોય પાહલા નાંય ઓટ્યે.
12 યાહાટી તુમા બોદહાલ ખુશ ઓઅરા જોજે, જ્યેં હોરગામાય
રોતેહેં, બાકી તુમા જ્યેં દોરતીવોય હેતેં એને જ્યેં દોરિયામાય હેય
તુમહાવોય તરસ ખાં જોજે, કાહાકા બુતહા આગેવાન સૈતાન નિચે તુમહે
પાહી યેય ગીઅલો હેય, તો બોજ ખિજવાલો હેય, કાહાકા તો જાંઅહે
કા ચ્યા માહારુજ અંત ઓઅય જાનારો હેય."

### થેએ સતાવલી ગીયી

13 જોવે અજગરાલ હોમજાય ગીયા માન દોરતીવોય ટાકી દેનલો
હેય, તોવે જયેં થેઅયેય પોહાલ જન્મો દેનલો આતો, ચ્યે પીછો કોઅયો.
14 બાકી પોરમેહેરાય ચ્યે થેએયેલ ગુવાડા હારકે બેન પાખડેં દેને, જેથી
તી થેએ ઉડીન ઉજાડ જાગામાય નાહી જાય, જો જાગો પોરમેહેરાય
ચ્યેહાટી તિયાર કોઅલો આતો, એને તાં ચ્યે 1,260 દિહા લોગુ દેખભાલ
કોઅલી ગીયી જેથી હાપ ચ્યે લોગુ નાંય પોઅચી હોકે.
15 તોવે હાપાય ચ્યા મુયામાઅને નોય વોવે ઓલા પાઆય રેડી દેના,
જેથી તી પાઆય ચ્યે થેએયેલ વોવાડી લી જાય.
16 બાકી ચ્યે થેએયેલ મોદાત કોઅરાહાટી, દોરત્યે ચ્યા પાઅયાલ
જમીનીમાય જીરવી લેદા, જીં અજગરા મુયામાઅને થેએયેલ
વોવાડાહાટી રેચાવલા આતા.
17 ચ્યા લીદે, અજગર ચ્યે થેએયેવોય બોજ ખિજવાય ગીયો, યાહાટી
ચ્યાય થેએયે વંશજાહા વિરુદ લોડાય કોઅના ઘોષણા કોઅય દેની,
એટલે ચ્યા લોકહા વિરુદ જ્યા પોરમેહેરા આગના પાલન કોઅતાહા,
એને ઈસુવા કોય હિકાડલી શિક્ષા અનુસરણ કોઅરાહાટી મજબુત બોની
રોતહા.
18 તોવે તો અજગર જાતો રિયો એને દોરિયા મેરાવોય ઉબો રોય
ગીયો.

# 13

## દોરિયામાઅને બેન જોનાવરહા નિંગના

1 તોવે માયે દોરિયામાઅને યોક જંગલી જોનાવર નિંગતા દેખ્યાં, ચ્યા
હાત ટોલપે આતેં, એને હાંતી ટોલપાહાવોય મુગુટ આતા એને ચ્યા દોહો
હિંગે આતેં, એને ચ્યા બોદા હિંગહાવોય પોરમેહેરા નિંદા કોઅનારે નાંવે
લોખલે આતેં.
2 જીં જંગલી જોનાવર માયે દેખ્યેલ તી ચિતા હારકા આતા, એને ચ્યા
પાગ આસાલ્યે એને મુંય સિંહી વાગા હારકા આતા. ચ્યે અજગરાય
ચ્યા જંગલી જોનાવરાલ ચ્યા સામર્થ્ય દેય દેની એને ચ્યાલ દોરતીવોય
ઓદિકાર કોઅના દેનલો ગીયો.
3 ચ્યા જંગલી જોનાવરા ટોલપાવોય યોક જખમ ઓઅલા નિશાણી
આતી જીં ચ્યાલ માઆઇ હોકતો આતો, બાકી જખમ હારો ઓઅય

ગીઅલો આતો. યાહાટી, દોરતીવોઅને લોક નોવાય પામી ગીયા, એને
ચ્યા જંગલી જોનાવરા અનુસરણ કોઅરા લાગ્યા.
